**<u>કોડીનારના મહે. એડી.જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમા,મુ.કોડીનાર</u>**

**<u>ફોજદારી કેસ નંબર.</u> 337-2024**

**આંક :–**

શ્રી સરકાર ..... ......**ફરીયાદી**

વિરુધ્ધ

૧. ...... **આરોપી.**

**ગુન્હો:<u>– ઈ.પી.કો. કલમ –279 મુજબ.</u>**

**–: આંક–૧ નીચે હુકમ :–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આરોપીએ ફરીયાદમાં જણાવેલ હકીકતવાળુ કૃત્ય કરી સદરહુ કૃત્યના કારણે જાહેર માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઉભો થાય અથવા અટકાયત ઉભી થાય અથવા હાનિ પહોચે તેવું કૃત્ય કરી ગુન્હો કરેલ છે. ફરીયાદ નોંધ્યા પછી તપાસના અંતે આરોપી સામે ઈ.પી.કો.ની કલમ ૨૭૯,૨૮૩ નો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આરોપી સામે કેસ રજીસ્ટરે લઈ સમન્સ કરવામાં આવેલ છે. આરોપીને પોલીસ પેપર્સ આપવામાં આવેલ છે.

**(૨)** આરોપીને ગુન્હો કબુલ કર્યાની પુરશીશ આપી દયાની માંગણી કરેલ છે. આરોપીની પ્લી લેતાં ગુન્હો કબુલ કરેલ છે. આરોપીની ગુન્હાની કબુલાત સ્વૈચ્છીક તેમજ કોઈપણ જાતના દબાણ વગરની હોય,, આરોપી સામેના ગુન્હાનો આરોપી તેમજ સદરહુ ગુન્હાની કાયદામાંની સજાની જોગવાઈ લક્ષમાં લઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરું છું.

**–:: <u>હુ ક મ</u> ::–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.ની કલમ –૨૭૯ ના સજાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી રુા. ૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિવસ–.........ની સાદી કેદની સજા અંગેનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કોડીનાર
તારીખ : ૧૪/૦૯/૨૦૨૪

એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.),
કોડીનાર